Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, એકેડમીક કાઉન્સીલ તા.૧૮/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : ૯૦ તથા સિન્ડિકેટ સમિતિના તા.૨૨/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૬ અન્વયે પરીક્ષાના પુનઃ મુલ્યાંકન વિભાગની નોંધઃ તા.૩૧/૦૩/૨૦૨૧થી ઠરાવ્યા અનુસાર શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦/૨૦૨૧ના દ્વિતીય સત્રની પરીક્ષાઓથી પુનઃ મુલ્યાંકન (રી–એસેસમેન્ટ) તથા ગુણ ચકાસણી (રી–ચેકીંગ)ની વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

૧. વાર્ષિક તેમજ સેમેસ્ટર પધ્ધતિ મુજબ ચાલતા તમામ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમોમાં તમામ વર્ષ તેમજ સેમેસ્ટરોમાં પુનઃ મુલ્યાંકન તેમજ ગુણ ચકાસણી કરાવી શકાશે.

૨. ઓન લાઈન તેમજ ઓફ લાઈન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ પરિણામ જાહેર થયાના ૭ (સાત) દિવસની સમય મર્યાદામાં ફોર્મ ભરવાનું રહેશે. સમય મર્યાદા બાદ કોઈ પણ સંજોગોમાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

૩. પરિણામના કુલ પાસીંગ હેડસના ઓછામાં ઓછા ૫૦% હેડસમાં પાસ થનાર વિદ્યાર્થી જ પુનઃમૂલ્યાંકનની અરજી કરી શકશે. બે પેપર કરતા વધારે પેપરની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન થઈ શકશે નહી.

૪. જે તે વિદ્યાશાખામાં કોલેજ / ડીપાર્ટમેન્ટ કક્ષાએ લેવાતી આંતરીક મૂલ્યાંકન કસોટીઓ, પ્રેક્ટીકલ, વાઈવા, પ્રોજેક્ટ, થીસીસ, ડેઝર્ટેશન કે ટર્મ વર્કનું ગુણ ચકાસણી તેમજ પુનઃ મૂલ્યાંકન થઈ શકશે નહી.

૫. પેપર દીઠ પુનઃ મુલ્યાંકનની ફી રૂા. ૫૦૦/– રહેશે. પુન : મુલ્યાંકન કરેલ કોઈ પણ વિદ્યાર્થીના ગુણમાં ફેરફાર થાય કે ન થાય ભરેલી રકમ પરત આપવામાં આવશે નહી. જેની અરજદારે નોંધ લેવી.

૬. વિદ્યાર્થીનું પરિણામ **D.L.O., W.O.165, Withheld & Reserve** (કોપીકેસ થયેલ પેપર હોય તે સિવાયના અન્ય પેપરમાં) રાખવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી તેમજ પુનઃ મુલ્યાંકન તેમજ કરાવી શકાશે.

૭. જે વિદ્યાર્થીઓના ગુણ ચકાસણી તેમજ પુનઃમુલ્યાંકનના પરિણામમાં ફેરફાર થયેલ હશે તે જ વિદ્યાર્થીઓના સીટ નંબરો પરિણામના નોટીફીકેશનમાં આવશે.

૮. ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકનના પરિણામ જાહેર થવામાં વિલંબ થાય તો કોઈ નાણાંકીય કે સમયનું નુકશાન વળતર અંગેની કોઈપણ અરજીગ્રાહય રાખવામાં આવશે નહી.

ક્રમાંક : પરીક્ષા / પુનઃમુલ્યાંકન /૬૮૬૩/ ૨૦૨૧ — **પરીક્ષા નિયામક**

તા. ૦૩ /૦૪ / ૨૦૨૧

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ સારૂ...